રજુતારીખ	:	૦૫/૦૭/૨૦૧૯		
દાખલ તારીખ	:	૦૫/૦૭/૨૦૧૯		
ફેસલ તારીખ	:	૦૯/૦૫/૨૦૨૪		
સમયગાળો	:	વર્ષ	માસ	દિવસ
		૦૪	૧૦	૦૪

सत्यमेव जयते

<u>વલસાડનાં મહે. પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં,વલસાડ</u>

સ્પેશ્યલ દિવાની મુકદમા નં. ૨૫/૨૦૧૯

આંક– ૨૧

વાદી : **નીલેશભાઈ બાબુભાઈ નાયક ,**
ઉ.આ.વ. ૪૭, રહેવાસી : ચોવીસી , તા.જી.નવસારી.
હાલ રહે.: ૩૧૫,ત્રીજા માળે, એમ્પાયર સ્ટેટ બિલ્ડીંગ,
ઉધના દરવાજા, રીંગરોડ, તા.જી.સુરત

વિરૂધ્ધ

પ્રતિવાદી : **ઘનશ્યામભાઈ શંભુભાઈ ઘાનાણી,** ઉ.આ.વ. ૬૭ ,
રહે. ૧–૨ હરી દર્શન સોસાયટી,
સ્વામી નારાયણ મહી લા મંદીર પાછળ, ડભોલી,
ચાર રસ્તા, વેડરોડ,તા.જી. સુરત

દાવો :– સ્પેસીફીક રીલીફ એકટની કલમ–૩૭,૩૮ મુજબ નોંધાયેલ દસ્તાવેજ રદ બાતલ ઠેરવવા અને કાયમી મનાઈ હુકમ તથા જાહેરાતનો .....

વાદી તરફે	:–	વિ.વ.શ્રી. પી.આર.દેસાઈ
પ્રતિવાદી તરફે	:–	એક તરફી

જ જ મે ન્ટ

૧. વાદીની દાવા અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, મોજે અબ્રામા ના બ્લોક/ સર્વે નં.૧૫૧/૧/પૈકી ૨૦ નો ૧૪૬ ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી જમીન અને તેના ઉપર ૧૫૪૭ ચો.ફુ.(૧૪૩.૭૭ ચો.મી) ક્ષેત્રફળ ધરાવતા રો હાઉસ ટાઈપના રહેણાંક માટેના ગ્રાઉન્ડ ફ્લોર, મેઝેનાઈન અને પ્રથમ માળના બાંધકામ અંગેની મિલકત અંગે આ કામના વાદી અને પ્રતિવાદી વચ્ચે રૂ.૪૯,૨૫,૦૦૦/- ની વેચાણ અવેજની કિંમત નક્કી થયેલ જે અંગે વલસાડ સબ રજીસ્ટ્રાર કચેરી માં અનુક્રમ નં.૧૮૭૯ થી તા.૨૦.૦૪.૨૦૧૭ ના રોજ વેચાણ દસ્તાવેજ નોંધાયેલ અને તેમાં વેચાણ અવેજની કિંમત રૂ.૪૯,૨૫,૦૦૦/- જણાવેલી અને તેમાં વાદીને રૂ.૧,૦૦,૦૦૦/- મળેલાનુ જણાવેલ ત્યારે બાકીના રૂ.૪૮,૨૫,૦૦૦/- સંબંધે તા.૦૪.૦૩.૨૦૧૭ ના રોજ રૂ.૧,૦૦,૦૦૦/- રોકડા તથા બેન્ક ઓફ બરોડા, સૈયદપુરા, સુરત શાખાનો ચેક નં.૦૦૦૦૪૫, તા.૧૪.૦૩.૨૦૧૭ નો રૂ.૧૫,૦૦,૦૦૦/- નો તથા બેન્ક ઓફ બરોડા, સૈયદપુરા, સુરત શાખાનો ચેક નં.૦૦૦૦૪૬, તા.૧૫.૦૩.૨૦૧૭ નો રૂ.૧૫,૦૦,૦૦૦/- નો તથા બેન્ક ઓફ બરોડા, સૈયદપુરા, સુરત શાખાનો ચેક નં.૦૦૦૦૪૭, તા.૧૬.૦૩.૨૦૧૭ નો રૂ.૫,૦૦,૦૦૦/- નો તથા બેન્ક ઓફ બરોડા, સૈયદપુરા, સુરત શાખાનો ચેક નં.૦૦૦૦૪૯, તા.૧૯.૦૪.૨૦૧૭ નો રૂ.૧૩,૨૦,૦૦૦/- નો દસ્તાવેજમાં ઉલ્લેખ કરવામાં આવેલ અને દસ્તાવેજની નોંધણી થયા બાદ દસ્તાવેજમાં વર્ણવેલા ચેક વાદીને આપી દેશે તેવુ જણાવતા પ્રતિવાદી પર વિશ્વાસ કરી દસ્તાવેજની નોંધણી કરી આપેલ પરંતુ પ્રતિવાદીએ વાદીને આ તમામ ચેક આપેલ નહી અને વારંવારની માંગણી કરવા છતાં વેચાણ દસ્તાવેજમાં જણાવેલ રકમ વાદીને ચુકવી આપેલ નહી અને વાદીની માંગણી ફગાવી દઈ ભવિષ્યમાં પૈસાની આવક થયેથી આપી દેશે તેવો ખોટો સધ્યારો આપી વાદી જોડે છેતરપીંડી અને દગો કરેલ હોય્ વાદીએ તેમના વકીલશ્રી મારફતે તા.૨૮.૦૮.૨૦૧૮ ના રોજ પ્રતિવાદીને નોટિસ આપેલ જે નોટિસ પ્રતિવાદીને મળી ગયેલ હોવા છતાં

પ્રતિવાદીએ નોટિસનો જવાબ આપેલ નથી અને દસ્તાવેજમાં જણાવેલ વેચાણ અવેજની કિંમત વાદીને ચુકવવાનો ઈરાદો ધરાવતા ન હોય વાદીએ પ્રતિવાદી વિરૂદ્ધ હાલનો દાવો દાખલ કરેલ હોય સદર મિલકત અંગે વલસાડ ની સબ રજીસ્ટ્રાર કચેરીમાં અનુક્રમ નં.૧૮૭૯ થી તા.૨૦.૦૪.૨૦૧૭ ના રોજ કરવામાં આવેલ વેચાણ દસ્તાવેજ ગેરકાયદેસર નો જાહેર કરી તે રદ્ધ બાતલ ઠરાવવા અંગેનો હુકમ અને હુકમનામુ વાદીના લાભમાં કરી આપવા તથા દાવાવાળી મિલકતના કાયદેસરના માલિક અને કબજેદાર વાદી હોય વાદીને માલિક જાહેર કરવા તથા દાવાવાળી મિલકતનો વાદી ઉપયોગ, ઉપભોગ, વપરાશ કરે કે માલિક તરીકે અન્યને વેચાણ આપે તેમાં પ્રતિવાદી અવરોધ, અટકાયત કરે નહી તેવો કાયમી મનાઇ હુકમ વાદીના લાભમાં આપવા તથા વાદીના લાભમાં હર કોઈ દાદ અપવાવા અને વાદીને પ્રતિવાદી પાસેથી દાવાનો ખર્ચ અપાવવા અંગે હુકમ કરવા જણાવેલ હોવાનો ઉલ્લેખ છે.

૨. વાદીએ હાલની દાવા અરજી તા.૦૫.૦૭.૨૦૧૯ ના રોજ અત્રેની કોર્ટમાં રજુ કરતાં પ્રતિવાદીને સમન્સ કાઢવાનો હુકમ થતાં પ્રતિવાદીને **મુદ્દત તા.૦૯.૦૯.૨૦૧૯ ના રોજ નો સમન્સ બજી ગયેલ** હોવા છતાં પ્રતિવાદી કે તેમના વિ.વકીલશ્રી હાજર થયેલ નથી જેથી મુદ્દત તા.૧૯.૦૨.૨૦૨૦ ના રોજ તે સમયના જજ સાહેબશ્રીએ **પ્રતિવાદી વિરૂદ્ધ એકતરફી ચલાવવાનો હુકમ** કરેલ છે.

૩. ત્યારબાદ તા. ૦૮/૧૨/૨૦૨૦ ના રોજ **આંક – ૦૯ થી મુદ્દાઓ** ઘડવામાં આવેલ છે જેથી સદર કામ વાદીઓના પુરાવાના સ્ટેજ પર આવેલ છે.

૪. **વાદી તરફે** તેઓની અરજીનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખિક પુરાવાઓ રજુ કરેલ છે.

મૌખિક પુરાવાઓઃ–

૧. આંક–૧૫ થી રજુ વાદીના કુલ મુખત્યાર હરીશ રમણલાલ દેસાઇનું પુરાવાનું સોગંદનામું

૫. વાદી તરફે આંક–૧૫ થી પુરાવાનુ સોગંદનામુ રજુ થયા બાદ હાલનો દાવો એકતરફી ચાલતો હોય મુદ્દત તા.૦૫.૦૧.૨૦૨૩ ના રોજ તે કોર્ટના જજ સાહેબશ્રીએ ઉલટતપાસનો હક્ક બંધ કરવાનો હુકમ કરેલ ત્યારબાદ વાદી તરફે આંક–૧૭ થી સાહેદ સમન્સની અરજી આપવામાં આવતા સાહેદ હાજર રહેલ અને આંક–૧૯ થી મુદ્દત અરજી આપેલ. ત્યારબાદ વાદી તરફે આંક–૨૦ થી મુદ્દત અરજી આપ્યા બાદ એક પણ મુદ્દત ના રોજ વાદી તરફે લેખિત કે મૌખિકમાં રજુઆત કરવામાં ન આવતા અંતે મુદ્દત તા.૧૫.૦૨.૨૦૨૪ ના રોજ વાદીનો વધુ પુરાવાનો હક્ક બંધ કરવામાં આવેલ અને દાવો એકતરફી ચાલતો હોય સદર કામ દલીલના સ્ટેજ પર આવેલ પરંતુ મુદ્દત તા.૦૫.૦૩.૨૦૨૪ ના રોજ વાદી તરફે લેખિત કે મૌખિક રજુઆત કરવામાં ન આવતા વાદીનો દલીલનો હક્ક બંધ કરવામાં આવેલ અને સદર કામ જજમેન્ટ માટે રાખવામાં આવેલ છે.

૬. ઉપરોક્ત હકીકતોને ધ્યાને લેતા વાદીની દાવા અરજીનાં કામે નિર્ણય માટે નીચે મુજબનાં **આંક–૦૯ નાં મુદ્દાઓ** ઉપસ્થિત થાય છે.

૧. શું વાદી પુરવાર કરે છે કે, મોજે ગામ અબ્રામા, તા.જી.વલસાડના બ્લોક/સર્વે નં.૧૫૧/૧/પૈકી ૨૦ વાળી (પ્લોટ નં.૨૦) ૧૪૬ ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી જમીન પૈકી પ્લોટ નં.૨૦/બી વાળી ૭૩.૦૦ ચો.મી. જમીન તથા તેમાં આવેલ ૧૫૪૭ ચો.ફુટ ક્ષેત્રફળના રો–હાઉસ ટાઈપના બાંધકામ વાળી વાદગ્રસ્ત મિલકત વાદીની માલિકીની હોય વાદીએ સદર મિલકત પ્રતિવાદીને

રૂ.૪૯,૨૫,૦૦૦/– ના અવેજ બદલ વેચાણ આપી તે અંગેનો રજી.વેચાણ દસ્તાવેજ અનુ.નં.૧૮૭૯, તા.૨૦.૦૪.૨૦૧૭ ના રોજનો પ્રતિવાદીના નામનો કરી આપેલો છે?

૨. શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદીએ સદર વેચાણ દસ્તાવેજમાં જણાવેલ અવેજ પૈકી રૂ.૧,૦૦,૦૦૦/– રોકડા વાદીને ચુકવી આપેલા છે જ્યારે બાકી વેચાણ અવેજની રકમ રૂ.૪૮,૨૫,૦૦૦/– અંગે બેન્ક ઓફ બરોડા, સૈયદપુરા, સુરત શાખાના જુદી જુદી તારીખોના જુદા જુદા ૦૪ ચેક વાદીના નામના લખી આપવા વચન, વિશ્વાસ અને ભરોસો આપેલ હતો?

૩. શું વાદી પુરવાર કરે છે કે, તેણે બાકી વેચાણ અવેજની રકમની પ્રતિવાદી પાસે વારંવાર માંગણી કરવા છતાં તેમજ લેખિત નોટિસ આપવા છતાં પ્રતિવાદીએ વેચાણ અવેજની બાકી રકમ ચેકથી કે અન્ય રીતે ચુકવી આપેલ નથી?

૪. શું વાદી પુરવાર કરે છે કે, વાદગ્રસ્ત મિલકતનો પ્રત્યક્ષ કબજો, ભોગવટો વાદીનો ચાલી આવેલો છે?

૫. શું વાદી પુરવાર કરે છે કે, વાદગ્રસ્ત મિલકત અંગેનો પ્રતિવાદીના લાભમાં કરી આપેલ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નં.૧૮૭૯, તા.૨૦.૦૪.૨૦૧૭ વાળો વેચાણ દસ્તાવેજ ખોટો, ગેરકાયદેસરનો અને રદ્દ થવાને પાત્ર છે?

૬. શું વાદી દાવા અરજી પેરા–૮ માં માંગ્યા મુજબની કે તે પૈકીની કોઇ દાદ મેળવવા હક્કદાર છે?

૭. શું હુકમ અને હુકમનામું ?

૭. ઉપરોક્ત મુદ્દાઓ બાબતે નિર્ણય માટે મારા તારણો નીચે મુજબ છે.

૧. નકારમાં,

૨. નકારમાં,

૩. નકારમાં,

૪. નકારમાં,

૫. નકારમાં,

૬. નકારમાં,

૭. આખરી હુકમ મુજબ.

૮. // નિર્ણય માટેનાં તારણો //

(૮.૧)**મુદ્દા નં.૧ થી ૬ ની સંયુક્ત ચર્ચાઃ–**આ કામે નામદાર કોર્ટ દ્રારા દાવા ના ન્યાયિક નિર્ણય માટે જે મુદ્દાઓ કાઢેલ છે તે મુદ્દાઓ પૈકી મુદ્દા નં. ૧ થી ૬ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોય જેથી મુદ્દા નં. ૧ થી ૬ ની ચર્ચા સાથે કરવાથી પુરાવાના મુલ્યાંકન બાબતે પુનરાવર્તન ટાળી શકાશે તેવુ જણાય આવતુ હોય જેથી મુદ્દા નં. ૧ થી ૬ બાબતે પુરાવાઓના મુલ્યાંકનની ચર્ચા સાથે કરવાનું ઉચિત જણાય આવે છે.

(૮.૨)આ કામે રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓનું મુલ્યાંકન કરવામાં આવે તો **વાદી તરફે આંક–૧૫ થી વાદીના કુલમુખ્ત્યાર હરીશ રમનલાલ દેસાઇનુ પુરાવાનું સોગંદનામું** રજુ કરેલ છે જે ધ્યાને લેતાં તેમાં એવુ **જણાવેલ છે કે,** નિલેશભાઇ નાયકને એક યા બીજા કારણસર બહારગામ જવાનુ થતુ હોય વાદીને હાજર રહેવામાં મુશ્કેલ થતી હોય દાવાની કાર્યવાહીમાં હાજર રહી કાર્યવાહીમાં ભાગ લેવા કુલ મુખત્યારનામુ આપેલ છે અને દાવાની હકીકત થી પોતે સંપુર્ણ માહીતગાર છે. મોજે અબ્રામા ના બ્લોક/સર્વે નં.૧૫૧/૧/પૈકી ૨૦ નો ૧૪૬ ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી જમીન અને તેના ઉપર ૧૫૪૭ ચો.ફુ.(૧૪૩.૭૭ ચો.મી) ક્ષેત્રફળ ધરાવતા રો હાઉસ ટાઇપના રહેણાંક માટેના ગ્રાઉન્ડ ફ્લોર, મેઝેનાઇન અને પ્રથમ માળના બાંધકામ અંગેની મિલકત ના માલિક અને કબજેદાર તરીકે વાદી

હતા. આ કામના વાદી અને પ્રતિવાદી વચ્ચે રૂ.૪૯,૨૫,૦૦૦/- ની વેચાણ અવેજની કિંમત નક્કી થયેલ જે અંગે વલસાડ સબ રજીસ્ટ્રાર કચેરી માં અનુક્રમ નં.૧૮૭૯ થી તા.૨૦.૦૪.૨૦૧૭ ના રોજ વેચાણ દસ્તાવેજ નોંધાયેલ અને તેમાં વેચાણ અવેજની કિંમત રૂ.૪૯,૨૫,૦૦૦/- જણાવેલી અને તેમાં વાદીને રૂ.૧,૦૦,૦૦૦/- મળેલાનુ જણાવેલ ત્યારે બાકીના રૂ.૪૮,૨૫,૦૦૦/- સંબંધે તા.૦૪.૦૩.૨૦૧૭ ના રોજ રૂ.૧,૦૦,૦૦૦/- રોકડા તથા બેન્ક ઓફ બરોડા, સૈયદપુરા, સુરત શાખાનો ચેક નં.૦૦૦૦૪૫, તા.૧૪.૦૩.૨૦૧૭ નો રૂ.૧૫,૦૦,૦૦૦/- નો તથા બેન્ક ઓફ બરોડા, સૈયદપુરા, સુરત શાખાનો ચેક નં.૦૦૦૦૪૬, તા.૧૫.૦૩.૨૦૧૭ નો રૂ.૧૫,૦૦,૦૦૦/- નો તથા બેન્ક ઓફ બરોડા, સૈયદપુરા, સુરત શાખાનો ચેક નં.૦૦૦૦૪૭, તા.૧૬.૦૩.૨૦૧૭ નો રૂ.૫,૦૦,૦૦૦/- નો તથા બેન્ક ઓફ બરોડા, સૈયદપુરા, સુરત શાખાનો ચેક નં.૦૦૦૦૪૯, તા.૧૯.૦૪.૨૦૧૭ નો રૂ.૧૩,૨૦,૦૦૦/- નો દસ્તાવેજમાં ઉલ્લેખ કરવામાં આવેલ અને **દસ્તાવેજની નોંધણી થયા બાદ દસ્તાવેજમાં વર્ણવેલા ચેક વાદીને આપી દેશે તેવુ જણાવતા પ્રતિવાદી પર વિશ્વાસ કરી દસ્તાવેજની નોંધણી કરી આપેલ પરંતુ પ્રતિવાદીએ વાદીને આ તમામ ચેક આપેલ નહી** અને વારંવારની માંગણી કરવા છતાં વેચાણ દસ્તાવેજમાં જણાવેલ રકમ વાદીને ચુકવી આપેલ નહી અને વાદીની માંગણી ફગાવી દઈ ભવિષ્યમાં પૈસાની આવક થયેથી આપી દેશે તેવો ખોટો સધ્યારો આપી વાદી જોડે છેતરપીંડી અને દગો કરેલ હોય વાદીએ તેમના વકીલશ્રી મારફતે તા.૨૮.૦૮.૨૦૧૮ ના રોજ પ્રતિવાદીને નોટિસ આપેલ જે નોટિસ પ્રતિવાદીને મળી ગયેલ હોવા છતાં પ્રતિવાદીએ નોટિસનો જવાબ આપેલ નથી અને દસ્તાવેજમાં જણાવેલ વેચાણ અવેજની કિંમત વાદીને ચુકવવાનો ઈરાદો ધરાવતા ન હોય વાદીએ પ્રતિવાદી વિરૂદ્ધ હાલનો દાવો દાખલ કરેલ હોય સદર મિલકત અંગે વલસાડ ની સબ રજીસ્ટ્રાર કચેરીમાં અનુક્રમ નં.૧૮૭૯ થી તા.૨૦.૦૪.૨૦૧૭ ના રોજ કરવામાં આવેલ વેચાણ

દસ્તાવેજ ગેરકાયદેસર નો જાહેર કરી તે રદ્દ બાતલ ઠરાવવા હાલનો દાવો કરવાની ફરજ પડેલ છે. દાવાવાળી મિલકત અંગે વેચાણ દસ્તાવેજમાં જણાવેલ રકમ પુરેપુરી મળ્યેથી કબજો સુપરત કરવાનો હતો પરંતુ વેચાણ અવેજની રકમ પુરેપુરી ન મળવાથી વેચાણ દસ્તાવેજમાં જણાવેલ મિલકતનો કબજો સુપરત કરેલ નથી જેથી આજની તારીખમાં પણ દાવાવાળી મિલકતનો પ્રત્યક્ષ કબજો વાદીની માલિકીનો ચાલી આવેલ છે. દાવાવાળી મિલકતના રેવન્યુ રેકર્ડ સંબંધી અસલી રેકર્ડ રજુ કરેલ છે જેથી નોંધાયેલ વેચાણ દસ્તાવેજ ગેરકાયદેસર જાહેર કરી રદ્દ બાતલ ઠરાવવા અંગેનો હુકમ અને હુકમનામુ વાદીના લાભમાં કરી આપવા તથા દાવાવાળી મિલકતના કાયદેસરના માલિક અને કબજેદાર વાદી હોય વાદીને માલિક જાહેર કરવા તથા દાવાવાળી મિલકતનો વાદી ઉપયોગ, ઉપભોગ, વપરાશ કરે કે માલિક તરીકે અન્યને વેચાણ આપે તેમાં પ્રતિવાદી અવરોધ, અટકાયત કરે નહી તેવો કાયમી મનાઇ હુકમ વાદીના લાભમાં આપવા તથા વાદીના લાભમાં હર કોઇ દાદ અપાવવા જણાવેલ હોવાનો ઉલ્લેખ છે. પ્રતિવાદી તરફે દાવો એકતરફી ચાલતો હોય ઉલટતપાસનો હક્ક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે જેથી પ્રતિવાદી તરફે વાદીની ઉલટતપાસ થયેલ નથી તેમજ પ્રતિવાદીએ પોતે હાજર થઇ કોઇ પુરાવો રજુ કરેલ નથી.

૯. આમ, વાદી તરફે રજુ થયેલ મૌખિક પુરાવાઓ અને દસ્તાવેજી પુરાવાઓને ધ્યાને લેતાં વાદી તરફે વાદીએ પોતાના પુરાવાનુ સોગંદનામું રજુ કરેલ નથી તેમજ વાદીએ વાદી તરફે તેમના કુલ મુખત્યાર હરીશભાઇ સિવાય અન્ય કોઇ મૌખિક પુરાવો રજુ કરેલ નથી તેમજ દાવા અરજીમાં જણાવ્યા મુજબની નોટિસ ની નકલને વંચાણે લેવા બાબતે વાદી તરફે રજુઆત થયેલ નથી જેથી પુરાવાના કાયદાની જોગવાઇ મુજબ તે નોટિસને વંચાણે લઇ શકાય તેમ નથી તેમજ વાદીએ નોટિસ મોકલેલ હોય તેવુ દર્શાવતો કોઇ પ્રથમ દર્શનીય દસ્તાવેજી પુરાવાઓ વાદી તરફે રજુ થયેલ નથી. વધુમાં વાદીના

સાહેદ હરીશભાઈના પુરાવાના સોગંદનામા મુજબ તેઓએ નિશાની ૩/૩ થી દાવાવાળી મિલકત સંબંધિત રેવન્યુ રેકર્ડ રજુ કરેલ છે. પરંતુ તેમાં મિલકતના કબજેદાર તરીકે મનોજભાઈ સાજનભાઈ દાંભલા ના નામનો ઉલ્લેખ છે જે આ કામના પક્ષકાર નથી. વધુમાં **દાવાવાળી મિલકત વાદીની માલિકીની અને પ્રત્યક્ષ કબજા ભોગવટાની હોય તેવો કોઈ દસ્તાવેજી પુરાવો વાદી તરફે રજુ કરવામાં આવેલ નથી જેથી દાવાવાળી મિલકત વાદીએ મનોજભાઈ સાજનભાઈ દાંભલા પાસેથી વેચાણ લીધેલ હોય તો તે સંબંધિત કોઈ પુરાવા આ કામે રજુ થયેલ નથી.** વધુમાં વાદીએ પ્રતિવાદીને વેચાણ દસ્તાવેજ કરી આપેલ હોય તો તે વેચાણ દસ્તાવેજમાં જણાવેલ હકીકતોને પુરવાર કરવા માટે વેચાણ દસ્તાવેજમાં જે વ્યક્તિઓ સાહેદ તરીકે રહેલ હોય તેઓને આ કામે તપાસવામાં આવેલ નથી કે વેચાણ દસ્તાવેજ સબ રજીસ્ટ્રાર રૂબરૂ થતો હોય સબ રજીસ્ટ્રારશ્રીને સાહેદ તરીકે તપાસવામાં આવેલ નથી તેમજ પુરાવાના કાયદાની જોગવાઈ મુજબ વેચાણ દસ્તાવેજને આંક આપવા બાબતે વાદી તરફે કોઈ રજુઆત થયેલ હોય તેવુ રેકર્ડ જોતા જણાય આવતુ નથી જેથી વેચાણ દસ્તાવેજને પણ આંક અપાયેલ ન હોય જેથી પુરાવાના મુલ્યાંકન બાબતે વેચાણ દસ્તાવેજમાં જણાવેલી હકીક્તોને પણ વંચાણે લઈ શકાય તેમ નથી. આમ, હાલના વાદી દાવાવાળી મિલકતના માલિક હોય કે કબજેદાર હોય તે સંબંધિત કોઈ પુરાવો રજુ થયેલ ન હોય તથા વાદી તરફે તેમના કુલમુખ્ત્યાર હરીશભાઈ સિવાય વાદી તરફે કોઈ સાહેદ તપાસવામાં આવેલ ન હોય તથા દાવા અરજીના સમર્થનમાં દાવા અરજીની હકીકતોને પુરવાર કરી શકાય તથા નામદાર કોર્ટ દ્વારા કાઢવામાં આવેલા મુદ્દાઓ પ્રથમ દર્શનીય રીતે પુરવાર થઈ શકે તેવા એક પણ મહત્વના દસ્તાવેજો વાદી તરફે રજુ થયેલ ન હોય આ તમામ કારણોસર મુદ્દા નં.૧ થી ૬ પુરવાર કરવામાં વાદી સફળ રહેલ ન હોય જેથી **મુદ્દા નં.૧ થી ૬ નો જવાબ નકારમાં** આપવામાં આવે છે અને મુદ્દા નં. ૭ અંગે ન્યાયનાં હિતમાં નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

// આ ખ રી હુ ક મ //

૧. વાદી **નીલેશભાઈ બાબુભાઈ નાયક**ની દાવા અરજી આથી **નામંજુર** કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. પક્ષકારોએ દાવાનો પોતાનો ખર્ચ જાતે ભોગવવો.

૩. હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજ તા.૦૯ મી, મે સને-૨૦૨૪ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરીને જાહેર કરવામાં આવેલ છે.

તા.૦૯/૦૫/૨૦૨૪
વલસાડ.

(વિનયકુમાર દશરથલાલ મોઢ)
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ
વલસાડ.
(જી.જે.૦૧૦૩૩)